**પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૩૦/૦૭/૨૦૧૭ થી તા. ૦૫/૦૮/૨૦૧૭ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-**

**(૧) સુરત રેલ્વે પોલીસ સ્ટેશન સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર-૨૯/૨૦૧૭ તા. ૩૦/૦૭/૨૦૧૭ :-**

તા. ૩૦/૦૭/૨૦૧૭ના રોજ સુરત રેલ્વે સ્ટેશન પ્લે.નં.૧ ઉપર વચ્ચેના ભાગે એક છોકરી એકલી બેઠેલી વુ.હે.કોન્સ. દક્ષાબેન કિકુભાઇ નાઓને જોવામાં આવતા તેની પુછપરછ કરતાં તેને તેનુ નામ આરતી ઉર્ફે મોની ડો/ઓ સંજય જાતે-ચૌધરી, ઉ.વ.૧૭ રહે. ગામ મોકામા, વોર્ડ નં. ૩, પટના કન્હાઇપુર, સુલતાનપુર, બિહાર, વાળી હોવાનું જણાવતાં વધુ પુછપરછમાં તે બબલુ નામના છોકરાને પ્રેમ કરતી હોય અને બબલુ સુરત ખાતે કામ કરતો હોય તેને મળવા માટે ઘરેથી કોઇને પણ જાણ કર્યા વગર સુરત આવેલ પરંતુ તેને બબલુના સરનામાની ખબર ન હોવાનુ જણાવતાં તેના વાલી-વારસો અંગે પુછતા તેને તેના ભાઇનો ટેલીફોન નંબર આપતા ફોન ઉપર તેને જાણ કરતાં તેનો ભાઇ તા. ૦૩/૦૮/૧૭ ના રોજ સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં તેને લેવા માટે આવતા યોગ્ય પુરાવા મેળવ તેમજ નિવેદન મેળવી રૂબરૂમા કબજો સોંપવામાં આવેલ છે.

**(૨) સુરત રેલ્વે પોલીસ સ્ટેશન સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર-૩૦/૨૦૧૭ તા. ૦૫/૦૮/૨૦૧૭ :-**

તા. ૦૫/૦૮/૨૦૧૭ના રોજ સુરત રેલ્વે સ્ટેશન પ્લે.નં.૧ ઉપર એક મહિલા ગર્ભવતી એકલી વુ.હે.કોન્સ. દક્ષાબેન કિકુભાઇ નાઓને જોવામાં આવતા તેની પુછપરછ કરતાં તેને તેનુ નામ હર્ષાલી વા/ઓ ધનદીપ ગૌડા, ઉ.વ.૨૭ રહે. ઉધના, ૯ નંબર, રામદેવનગર, સુરત મુળ રહે. હિસાપુર ઇટખેડા, તા. અર્જુનીયા જી. ગાંદીયા, મહારાષ્ટ્ર વાળી હોવાનું જણાવી પોતાની માતા પાસે જવાની ઇચ્છા થતા જીદ કરેલ તેના પતિએ હમણા જવાની ના પાડતા તેને મનમા લાગી આવતા તેના પતિને જણાવ્યા વગર ઘરેથી નિકળી આવેલ હોવાનુ જણાવતા તેના પતિના મોબાઇલ નંબર ઉપર સંપર્ક કરી પોલીસ સ્ટેશનમાં બોલાવતા સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં તેને લેવા માટે આવતા યોગ્ય પુરાવા મેળવી તેમજ નિવેદન મેળવી રૂબરૂમા તેના પતિ નામે ધનદીપ ઓમદાસ ગૌડ નાઓને કબજો સોંપવામાં આવેલ છે.

Sd/-
**પોલીસ અધિક્ષક,**
**પશ્ચિમ રેલ્વે વડોદરા.**